C-248

# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

## પ્રથમ પરીક્ષા - ૨૦૨૪

તારીખ : ૨૫-૧૦-૨૦૨૪
વાર : શુક્રવાર
ધોરણ : ૧૧ વિષય : વાણિજય વ્યવસ્થા અને સંચાલન
કુલ ગુણ: ૫૦
સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે.

(2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.

(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.

(4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

---

### વિભાગ - A

★ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો આપેલા છે. આપેલા ચાર વિકલ્પો (A,B,C,D,) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) **10**

(1) શરાફી ભાગીદારી પેઢીમાં વધુમાં વધુ કેટલા ભાગીદારો હોય છે ?

(A) 20 (B) 12 (C) 15 (D) 10

(2) ધંધાકીય સાહસનું સૌથી પ્રાચીન અને સરળ સ્વરૂપ કયું છે ?

(A) કંપની (B) સહકારી મંડળી (C) વૈયકિતક માલિકી (D) ભાગીદારી

(3) રેલ્વેની ટિકિટ દેશભરમાં કોઈપણ સ્થળેથી મેળવી શકાય તેને ક્યા પ્રકારનું નેટવર્ક કહી શકાય ?

(A) CAN (B) MAN (C) LAN (D) એન્ટરપ્રાઈઝ વેન

(4) અન્ય વ્યકિતના મનમાં જરૂરી સમજ ઉત્પન્ન કરવા માટેની સમગ્ર પ્રક્રિયાને શું કહેવાય ?

(A) સંદેશો (B) માહિતી સંચાર (C) ઈ-મેઈલ (D) ઈ-કોમર્સ

(5) RTGS માં ઓછામાં ઓછી કેટલી રકમની ફેરબદલી કરી શકાય ?

(A) 2 લાખ (B) 5 લાખ (C) 50 હજાર (D) ગમે તેટલી

(6) પ્રવાસમાં રોકડના જોખમની સામે બેંકની કઈ સેવાનો લાભ લેવામાં આવે છે ?

(A) ડિમાન્ડ ડ્રાફટ (B) ટ્રાવેલર્સ ચેક (C) પે-ઓર્ડર (D) ચેક

(7) કોલકતામાં માનવ હેરફેર માટે આજે પણ શેનો ઉપયોગ થાય છે ?

(A) ઘોડાગાડી (B) પેડલ રીક્ષા (C) રેલ્વે (D) વિમાન

(8) વિદેશી કંપનીઓ ભારતીય વિમા કંપનીમાં સીધે સીધું કેટલું રોકાણ કરી શકે છે ?

(A) 49% (B) 25% (C) 74% (D) 100%

(9) રોજગારના બદલામાં શું મેળવાય છે ?

(A) મૂડી (B) ફી (C) વેતન (D) નફો

(10) કાચા માલમાંથી તૈયાર માલનું ઉત્પાદન થાય એટલે ક્યા તૃષ્ટિગુણનું સર્જન થાય છે ?

(A) સ્થળ (B) સમય (C) આર્થિક (D) સ્વરૂપ

### વિભાગ - B

★ નીચે આપેલા પ્રશ્નક્રમાંકમાં 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. **5**

(11) બેંક શબ્દની ઉત્પોસ ક્યા શબ્દ ઉપરથી થઈ છે ?

(12) મલ્ટિપલ યુનિટ ટ્રેન એટલે શું ?

(13) ટપાલ ખાતુ ભારતમાં કેટલી પોસ્ટ ઓફિસો ધરાવે છે ?

Master Classes Chirag Prajapati 9824194416

(14) વેપાર એ કઈ પ્રવૃત્તિ છે ?

(15) ધંધાની કાર્યક્ષમતાનો માપદંડ કયો છે ?

## વિભાગ - C

★ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 23 સુધીના કુલ 8 પ્રશ્નોમાંથી 5 પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ લખો. (પ્રત્યેકના 2 ગુણ) 10

(16) ATM વિશે ટૂંકમાં માહિતી આપો.

(17) માહિતી સંચારનો અર્થ આપો.

(18) B2C ની સમજૂતી આપો.

(19) વૈયક્તિક માલિકી કોને કહેવાય ?

(20) ઑવર ડ્રાફ્ટ એટલે શું ?

(21) ક્રેડિટ કાર્ડની ટૂંકી સમજૂતી આપો.

(22) નામનો ભાગીદાર કોને કહેવાય ?

(23) RTGS વિશે સમજૂતી આપો.

## વિભાગ - D

★ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 24 થી 31 સુધીના 8 પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (પ્રત્યેકના 3 ગુણ) 15

(24) વેપાર અને વાણિજ્ય તફાવત ત્રણ-ત્રણ બાબતો લખો.

(25) નુકશાન વળતરનો સિધ્ધાંત સમજાવો.

(26) વ્યવહારોની સલામતી અને સુરક્ષા વિશે માહિતી આપો.

(27) વૈયક્તિક માલિકી અને ભાગીદારી પેઢીના તફાવતની ત્રણ-ત્રણ બાબતો લખો.

(28) ભાગીદારી પેઢીની નોંધણીથી થતા ફાયદા જણાવો.

(29) KPO નું કાર્યક્ષેત્ર જણાવો.

(30) આનુષંગિક ઉદ્યોગ કોને કહેવાય ?

(31) વાહન વ્યવહારની અને હેરાફેરીની સેવાઓ પૈકી "માનવબળ" દ્વારા સંચાલિત સેવાની ટૂંકમાં માહિતી આપો.

## વિભાગ - E

★ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 32 થી 34 સુધીના 3 પ્રશ્નોમાંથી 2 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. 10

(32) ધંધાના સામાજિક હેતુઓ સમજાવો.

(33) બેંક ખાતાના પ્રકારો સમજાવો.

(34) વૈયક્તિક માલિકીની લાક્ષણિકતાઓ સમજાવો.

●●●●●

Master Classes Chirag Prajapati 9824149446